માવઠાં અને ધુમ્મસ બાદ શહેરમાં પવનના સુસવાટાનું સામ્રાજ્ય

શહેરના વાતાવરણમાં ફરી નવો વળાંક : આશરે ૩૦થી ૪૦ કિમીની ઝડપે પવન ફુંકાયો

ગાંધીનગર તા.૨૨

છેલ્લાં કેટલાંક દિવસથી ગાંધીનગરના વાતાવરણમાં ગજબનાક પરિવર્તન જોવા મળી રહ્યાં છે. શહેરમાં અગાઉ કડકડતી ઠંડી, ગાઢ ધુમ્મસ અને કમોસમી વરસાદનો અનુભવ થઇ ચુક્યો છે જ્યારે આજે ફરી એકવાર શહેરને સુસવાટા મારતા પવનોએ હચાવી મુક્યું હતું. આજે સવારથી શહેરમાં પવનની ગતિ વિશેષ જણાઇ હતી અને એક અંદાજ મુજબ શહેરમાં આજે ૩૦થી ૪૦ કિમીની ઝડપે પવન ફુંકાયો હતો.

શહેરમાં સવારથી સુસવાટાભેર પવન વહી રહ્યો હતો જેના કારણે તાપમાનનો પારો એટલો નીચો ના હોવા છતાં વાતાવરણમાં સતત ઠંડીનો અનુભવ થયો હતો. ગઇ કાલે શહેરમાં સવારે પ્રગાઢ ધુમ્મસ જોવા મળ્યું હતું તેમજ દિવસભર વાદળછાયા વાતાવતણ સાથે તડકી-છાંયડીની સંતાકુકડી રમાઇ હતી. આજે આકાશમાં વાદળને પગલે કમોસમી વરસાદ થવાની ભીતિ હતી તેના બદલે સવારથી જ પવનના જોરદાર સુસવાટાઓએ સમગ્ર પરિસ્થિતિ જ બદલી નાંખી હતી. શહેરમાં શહેતીજનોને આજે બપોરે તડકો પણ માણવા મળ્યો હતો પરંતુ પવનના કારણે સ્વેટર-ટોપી પહેરી રાખવાની ફરજ પડી હતી. શહેરમાં આજે લગ્નગાળાની મૌસમ વચ્ચે સતત ફુંકાતા પવનથી વાતાવરણ અલગ જ પ્રકારનું સર્જાયું હોવાનું શહેરીજનોને અનુભવાયું હતું.

જાન્યુઆરીના અંતમાં વધુ એક શીત લહેર સાથે હીમ પડશે

હવામાનશાસ્ત્રી અંબાલાલ પટેલના મત મુજબ લઘુત્તમ પારો ૭ ડીગ્રીથી પણ વધુ ગગડી શકે છે : વાદળછાયા વાતાવરણ સાથે હીમવર્ષાની શક્યતાને પગલે ખેડૂતોને સાવધાની રાખવા સલાહ

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગરમાં વાતાવરણમાં સતત પરિવર્તન અનુભવાઈ રહ્યાં

છે, તે ઉપરાંત આ વખતે શિયાળામાં વારંવાર કમોસમી વરસાદે પણ દસ્તક દીધી છે. ઉત્તરાયણ પછી કાતિલ ઠંડીમાં રાહત જરૂર મળી છે પરંતુ જાન્યુઆરીના અંત ભાગમાં વધુ એક શીત લહેર સાથે હીમ પડવાની શક્યતા છે તેવુ શહેરના હવામાન શાસ્ત્રી અંબાલાલ પટેલનું માનવુ છે. આ સાથે તાપમાનનો પારો ૭ ડિગ્રીથી પણ વધુ નીચે જઈ શકે છે તેવી શક્યતા વ્યક્ત કરતાં તેમણે ખેડૂતોને સાવચેત રહેવા તાકીદ કરી છે.

ગાંધીનગર-

હવામાનશાસ્ત્રી અંબાલાલ પટેલે જણાવ્યું છે કે તાજેતરમાં થયેલા માવઠા બાદ હવે રાજ્યમાં ગાત્રો થીજવતી ઠંડી પડવાની શક્યતા રહેશે અને કાતીલ ઠંડીનું મોજું ઘણા ભાગોમાં ફરી વળશે. હજુ પણ દેશના ઉત્તરીય પર્વતીય પ્રદેશોમાં વારંવાર પશ્ચિમી વિક્ષોપની શ્રૃંખલાઓ ચાલુ રહેશે વળી ધુમ્મસ અને કમોસમી વરસાદ સાથે ઠંડીનો ચમકારો છેક રાજસ્થાનના ભાગો સુધી અને ગુજરાતના ભાગોને પણ પ્રભાવીત કરી શકે. તા. ૨૩ થી ૨૯ જાન્યુઆરી સુધીમાં રાજ્યના ઘણા ભાગોમાં સખત ઠંડી પડવાની શક્યતા રહેશે. મહેસાણા, સિદ્ધપુર, પાટણ, સમી, હારીજ, બેચરાજીના ભાગો ઉપરાંત બનાસકાંઠાના ભાગો રાધનપુર, પાલનપુર, ડીસા, દાંતીવાડા વિગેરે ભાગોમાં પણ ગાત્રો થીજવતી ઠંડી પડે. સાબરકાંઠાના ભાગો અને પંચમહાલના ભાગોમાં પણ ઠંડી રહે. અમદાવાદ, ગાંધીનગરના ભાગોમાં પણ સખત ઠંડી પડે. ઉત્તર ગુજરાતના કેટલાક ભાગોમાં

● અનુસંધાન પાન-૭ પર

શહેરમાં કોરોના ધીમો પડ્યો : નવા ૫૪૭ કેસ નોંધાયા : ૨૧૯ ડિસ્ચાર્જ

એક બાળદર્દી સહિત પાંચ દર્દીઓને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા : સે. ૩ માં ૪૧, સે. ૨ માં ૨૧, સે. ૪ માં ૨૨, સે. ૨૨ માં ૨૨, સે. ૧૯ માં ૧૯, સે. ૨૪ માં ૧૮, સે. ૭ માં ૩૩, સે. ૩૦ માં ૧૪, સે. ૨૬ માં ૧૦, સે. ૨૭-૨૮ માં ૮-૮ કેસ : શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તાર રાંદેસણમાં ૧૯, સરગાસણમાં ૩૨, કુડાસણમાં ૩૮, રાયસણમાં ૨૬, પેથાપુરમાં ૭, રાંધેજામાં ૮, ઈન્ફોસીટીમાં ૫, કોબામાં ૧૧, વાવોલમાં ૪૧, ઝુંડાલમાં ૧૪, સુઘડમાં, ૫, આઈઆઈટીમાં ૬ કેસ નોંધાયા

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાની ગતિ થોડીક ધીમી પડી છે. આજે શહેરમાં ૫૪૭ દર્દીઓ નોંધાયા છે. શહેરમાં કોરોનાના દર્દીઓની સંખ્યા ૪૪૦૦ને પાર કરી ગઈ છે. શહેરમાં આજે પણ બે હજારથી વધુ લોકોના ટેસ્ટ કરવામાં આવ્યા હતા.

શહેરમાં કોરોનાના કેસો આજે ઘટ્યા છે રિકવરી રેટ થોડોક સુધર્યો છે. શહેરમાં આજે ૨૧૯ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં આજે ૪ દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

શહેરમાં કોરોનાના કેસો વધતાં તંત્રની ચિંતા વધી છે. રિકવરી રેટ સુધર્યો છે અને હોસ્પિટલાઈઝેશન દર ઓછો હોવાથી તંત્રને થોડીક રાહત જરૂર છે. જોકે મોટાભાગના દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો હોઈ તંત્રએ હોમ આઈસોલેશન તેમજ ક્વોરોન્ટાઈનના નિયમોની અમલવારી અસરકારક થાય તે જોવા તાકીદ કરી છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં ૨૦૦થી વધુ મહિલા દર્દીઓ છે. આ લ્હેરમાં મહિલાઓ સંક્રમિત થવાનો દર વધુ રહ્યો હોવાથી તંત્રની ચિંતા વધી છે. આજે નોંધાયેલા કેસોમાં ૫૦ દર્દી ૬૦ કે તેથી વધુ વય ધરાવતા નોંધાયા છે. સે. ૧ માં એક ૯૫ વર્ષના વૃદ્ધ સંક્રમિત થયા છે જોકે તેમણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

ગાંધીનગર શહેરમાં આજે ૧૦ વર્ષથી નીચેની વયના ૧૩ દર્દીઓ નોંધાયા છે. બાળ દર્દીઓની સંખ્યા વધી રહી હોવાથી પણ તંત્રની ચિંતા વધી છે. આજે નોંધાયેલા કેસોમાં પરિવારોના પરિવાર તેમજ સ્પોર્ટસ સંકુલ સે. ૧૫, આઈ.આઈ.ટી.માં વધતા જતા સંક્રમણને લઈ પણ તંત્ર ચિંતીત બન્યુ છે.

ગાંધીનગર શહેરમાં આજે ૧૦ વર્ષથી ઓછી વયના બાળ દર્દીઓ નોંધાયા છે તેમાં સે. ૨૮ માં ૯ વર્ષનો દિકરો, રાંદેસણમાં ૧૦ વર્ષનો દિકરો, રાયસણમાં ૮ વર્ષનો દિકરો, સરગાસણમાં ૪ વર્ષની દિકરી, સે. ૨૨ માં ૪ વર્ષનો દિકરો, સે. ૪ માં સાડા ત્રણ વર્ષની દિકરી, પેથાપુરમાં ૪ વર્ષની દિકરી, રાયસણમાં ૧૦ વર્ષનો દિકરો, સે. ૧૪ માં ૮ વર્ષનો દિકરો, સે. ૨૪ માં ૯ વર્ષની દિકરી, સે. ૩ માં ૮ વર્ષની દિકરી, આઈઆઈટીમાં ૭ વર્ષનો દિકરો સંક્રમિત થયા છે જે હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે. સે. ૨૧માં બે વર્ષનો દિકરો સંક્રમિત થતાં તેને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

તંત્રએ કોરોના ગાઈડલાઈન્સ, હોમ આઈસોલેશન તેમજ માઈક્રો કન્ટેનમેન્ટ ઝોનના નિયમોની અમલવારી તેમજ સોશ્યલ ડિસ્ટન્સીંગ અને ફરજીયાત માસ્કના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા કડક સૂચનાઓ આપી છે

શહેરમાં આજે સે. ૩, ૭, ૨૨, ૨૪, ૩૦ માં સંક્રમણ વધ્યુ છે. શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તાર પેથાપુર, કોબા, ઝુંડાલ, કુડાસણ, સરગાસણ તેમજ રાયસણમાં જે રીતે કેસો મળી રહ્યા છે તેણે તંત્રની ચિંતા વધારી છે.

શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં રાંદેસણમાં ૧૯, સરગાસણમાં ૩૨, કુડાસણમાં ૩૮, રાયસણમાં ૨૬, પેથાપુરમાં ૭, રાંધેજામાં ૮, ઈન્ફોસીટીમાં ૫, કોબામાં ૧૧, વાવોલમાં ૪૧, ઝુંડાલમાં ૧૪, સુઘડમાં, ૫, આઈઆઈટીમાં ૬ કેસ નોંધાયા છે.

શહેરના સેક્ટરોમાં સે. ૨ માં ૨૧ કેસ, સે. ૩ માં ૪૧ કેસ, સે. ૪ માં ૨૨, સે. ૫ માં ૫, સે. ૭ માં ૩૩, સે. ૮ માં ૧૦, સે. ૧૨ માં ૭, સે. ૧૩ માં ૮, સે. ૧૪ માં ૯, સે. ૧૫ માં ૧૨, સે. ૧૯ માં ૧૯, સે. ૨૨ માં ૨૨, સે. ૨૪ માં ૧૮, સે. ૨૬ માં ૧૦, સે. ૨૭ માં ૮, સે. ૨૮ માં ૮, સે. ૨૯ માં ૯, સે. ૩૦ માં ૧૪ કેસ નોંધાયા છે.

શહેરમાં આજે ૨૬૦૦ થી વધુ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. શહેરમાં ૧૭ હજાર જેટલા લોકોને હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

તંત્રએ કોરોના ગાઈડલાઈન્સ, હોમ આઈસોલેશન તેમજ માઈક્રો કન્ટેનમેન્ટ ઝોનના નિયમોની અમલવારી અસરકારક થાય તેમજ સોશ્યલ ડિસ્ટન્સીંગ જાહેર સ્થાનો પર જળવાઈ રહે અને ફરજીયાત માસ્કના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા કડક સૂચનાઓ આપી છે.

આજે ૨૧૯ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવ્યુ છે.

ડૉ. ભાવસાર અને નાયબ સચિવ પઢેરિયાએ આજે જિલ્લાની સેવાઓ ચકાસી

ગાંધીનગર, તા. ૨૨

કોવિડ માટે ગાંધીનગર જિલ્લામાં લાયઝન અધિકારી તરીકે નિમાયેલા અધિક નિયામક આરોગ્ય અને તબીબી શિક્ષણ ડૉ. ભાવસાર તેમજ આરોગ્ય વિભાગના નાયબ સચિવ પઢેરિયાએ આજે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોની મુલાકાત લીધી હતી.

મળતી વિગતો પ્રમાણે ડૉ. ભાવસારની ટીમે આજે અડાલજ ત્રિમંદિર તેમજ સોસાયટીના વિસ્તારો ઉપરાંત ઝુંડાલની કેટલીક સોસાયટીના વિસ્તારોની મુલાકાત લીધી હતી.

અડાલજ અને ઝુંડાલ એ આ લ્હેરમાં હોટસ્પોટ તરીકે ઉભરી આવ્યા છે. તેમણે અહિ ધન્વનતરી રથ તેમજ સંજીવની રથ દ્વારા અપાતી સેવાઓની ચકાસણી કરી હતી તેમજ જિલ્લાતંત્રને કેટલુક માર્ગદર્શન આપ્યુ હતુ.

આ અધિકારીઓ સાથે જિલ્લાના મુખ્ય આરોગ્ય અધિકારી ડૉ. સોલંકી અને અન્ય અધિકારીઓ જિલ્લાના જોડાયા હતા.

ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના ૩૦૨ કેસ

દહેગામમાં ૩૪, ગાંધીનગરમાં ૯૩, કલોલમાં ૧૩૪, માણસામાં ૪૧, કલોલ શહેરમાં ૬૯ કેસ : ૧૦૪ દર્દીને રજા અપાઈ : ૩ બાળ દર્દી નોંધાયા

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના આજે ૩૦૨ કેસ નોંધાયા છે. ગ્રામીણ વિસ્તારમાં આજે નોંધાયેલા કેસ સાથે કોરોનાના કેસોની સંખ્યા ૧૮૬૪ થઈ છે. ગ્રામીણ વિસ્તારમાં સતત વધી રહેલા સંક્રમણથી તંત્રની ચિંતા વધી જવા પામી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ગાંધીનગર કલોલ તેમજ માણસા અને દહેગામમાં જે રીતે કેસો વધવાના શરૂ થયા છે તેને લઈ તંત્રની દોડધામ પણ વધી જવા પામી છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં દહેગામમાં ૩૪, ગાંધીનગરમાં ૯૩, કલોલમાં ૧૩૪ અને માણસામાં ૪૧ કેસનો સમાવેશ થાય છે. આજે નોંધાયેલા કેસોમાં ૩ દર્દીને સઘન સારવારની જરૂરિયાત જણાતાં તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

ગ્રામ્ય વિસ્તારમાં મહિલા તેમજ યુવા અને વયસ્કો વધુ સંક્રમિત થઈ રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધી છે. ગ્રામ્ય વિસ્તારમાં પણ દર્દીઓ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કરી રહ્યા હોવાથી તંત્રએ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા જણાવ્યુ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૧૬૦ થી વધુ મહિલા દર્દી નોંધાયા છે. ૩૮ વિદ્યાર્થી, ૧૮ ખેડૂત, શિક્ષક, એકાઉન્ટન્ટ, આર.સી.એસ.કે.ના તબીબ, નર્સ, એડવોકેટ તેમજ લેબ. ટેકનીશ્યન સંક્રમિતોની યાદીમાં છે.

ગ્રામ્ય વિસ્તારમાં ૬૦ વર્ષથી ઉપરના ૪૧ જેટલા દર્દીઓ નોંધાયા છે. ૧૦ વર્ષથી નીચેની વયના ૩ બાળકો સંક્રમિત થયા છે. જેમાં દહેગામના પાટનાકુવા ગામે ૮ વર્ષનો દિકરો, કલોલ અર્બનમાં ૫ વર્ષની દિકરી તેમજ કસ્તુરીનગરમાં ૩ વર્ષની દિકરીનો સમાવેશ થાય છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે કેસોની સંખ્યા વધી જતાં તંત્રની દોડધામ પણ વધી જવા પામી છે. દહેગામમાં આજે નોંધાયેલા ૩૪ કેસમાં દહેગામ શહેરમાં ૩, કડજોદરામાં ૨, પાટનાકુવામાં ૪, લવાડમાં ૪, રખિયાલમાં ૯, સગદલપુરમાં ૫ કેસ ઉપરાંત કડાદરા, પાલુન્દ્રા, ધારીસણા,

● અનુસંધાન પાન-૭ પર

ગ્રામીણ વિસ્તારોમાં કોવિડ કેર સેન્ટરો શરૂ કરવા આદેશો અપાયા

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વધતા જતા સંક્રમણને ધ્યાને રાખી ગ્રામ્ય વિસ્તારમાં કોવિડ કેર સેન્ટરો શરૂ કરવા માટેની સૂચનાઓ આપવામાં આવી છે.

ગ્રામીણ વિસ્તારમાં દર્દીઓ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કરી રહ્યા છે પણ તે માટેની સુવિધાઓ ઓછી જણાઈ રહી હોવાથી તંત્રને ગ્રામ્ય વિસ્તારમાં કોમ્યુનીટી કોવિડ કેર સેન્ટરો શરૂ કરવા જણાવાયુ છે.

મળતી વિગતો પ્રમાણે પ્રથમ તબક્કામાં સેમી અર્બન વિલેજીસ, જી.આઈ.ડી.સી. નજીકમાં હોય તેવા ગામો તેમજ વધુ વસ્તીની ગીચતા ધરાવતા મોટા ગામોમાં આ સેન્ટરો શરૂ કરવા જણાવાયુ છે.

જિલ્લાતંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ ૪૦ જેટલા ગામોમાં પ્રથમ તબક્કામાં આવા કોવિડ કેર સેન્ટરો પાંચ હજાર જેટલી પથારીની સુવિધા ધરાવતા શરૂ કરાશે. આ માટે તાલુકા વિકાસ અધિકારીઓને માર્ગદર્શન સાથે સૂચનાઓ આપવામાં આવી છે.

તાજેતરમાં ગ્રામ વિકાસ કમિશનરે પણ ગાંધીનગર જિલ્લાના ખોરજ ગામે કોવિડ કેર સેન્ટરની મુલાકાત લીધી હતી. આ પછી જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં જે રીતે સંક્રમણ વધી રહ્યુ છે ત્યારે વિકાસ કમિશનરે આ અંગેની સૂચનાઓ અને માર્ગદર્શન સાથે તંત્રને જણાવ્યુ છે.

શહેરમાં ૧૫૦ આમંત્રિતોની મર્યાદા સાથે લગ્નો યોજાયાં

ગાંધીનગર તા.૨૨

કોરોના મહામારીની ત્રીજી લહેરમાં દિન-પ્રતિદિન થોકબંધ રીતે વધી રહેલાં કોવિડ પોઝિટિવ કેસોની સંખ્યાને પગલે ગુજરાત સરકારે લગ્ન પ્રસંગોમાં આમંત્રિત મહેમાનોની મર્યાદા ઘટાડીને ૪૦૦માંથી ૧૫૦ કરી દીધાં બાદ અનેક લગ્નપ્રસંગો રદ થઇ જવા પામ્યાં હતા. જોકે તેમ છતાં શહેરમાં શનિ-રવિ તા.૨૨ અને ૨૩ જાન્યુઆરી દરમ્યાન ભરપુર લગ્નપ્રસંગો જોવા મળ્યાં હતા અને આયોજકોએ ૧૫૦ની મર્યાદામાં પણ ઘરના લગ્ન પ્રસંગને આટોપી લેવાનું મુનાસિબ માન્યું હતું જેના કારણે આજે સવારથી જ શહેરના માર્ગો પર શણગારેલી ગાડીઓ જોવા મળી હતી અને અનેક ઠેકાણે શરણાઇના સૂર રેલાતાં સાંભળવા મળ્યાં હતા. ગાંધીનગરના માર્ગો પર કેટલાંક ઠેકાણે ડીજેના તાલ સાથે વરઘોડા પણ નીકળ્યાં હતા અને રંગેચંગે લગ્ન પ્રસંગો યોજાયાં હતાં. કોરોના સંક્રમણની ત્રીજી લહેરમાં શહેરમાં કોરોના પોઝિટિવ કેસોની સંખ્યા આજે વધુ હોવા છતાં શહેરમાં લગ્નો યોજાયાં હતાં. અગાઉથી કરેલાં આયોજનોને કારણે શહેરમાં લગ્નપ્રસંગોના આયોજકો દ્વારા સરકારની ૧૫૦ની મર્યાદા સાથે લગ્ન પ્રસંગ સંપન્ન કરી લેવાનું મુનસિબ માન્યું હતું. લગ્ન પ્રસંગોમાં પણ કેટલાંક ઠેકાણે માસ્ક પહેરવા બાબતે ગંભીરતા તો મોટા ભાગના લગ્ન પ્રસંગોમાં માસ્ક પહેરવા અંગે લાપરવાહી પણ જોવા મળી હતી.

SHARE INDIA SECURITIES LIMITED

CIN: L67120GJ1994PLC115132

Registered Office : Unit No. 604A-B, 605A-B, 6th Floor, Tower-A, World Trade Centre, Gift City, Block-51, Zone-5, Road 5E, Gift City, Gandhinagar, Gujarat-382355

Tel.: 0120-4910000; Website: www.shareindia.com; Email: vikas_cs@shareindia.com

Share India — You generate, we multiply

EXTRACT OF UNAUDITED CONSOLIDATED FINANCIAL RESULTS FOR THE QUARTER AND NINE MONTHS ENDED 31st DECEMBER, 2021

Amount in Lacs (Except EPS)

Sr. No.	Particulars	Quarter Ended 31.12.2021	Quarter Ended 31.12.2020	Nine Months Ended 31.12.2021
		Unaudited	Unaudited	Unaudited
1	Total income from operations	20,329.36	9,922.59	57,618.93
2	Net Profit/ (Loss) for the period (before tax, Exceptional and/or Extraordinary items)	6,323.66	2,163.46	17,190.04
3	Net Profit / (Loss) for the period before tax (after Exceptional and/or Extraordinary items)	6,323.66	2,163.46	16,490.58
4	Net Profit / (Loss) for the period after tax (after Exceptional and/or Extraordinary items)	4,882.87	1,761.65	12,581.44
5	Total Comprehensive Income for the period [Comprising Profit/ (Loss) for the period (after tax) and other Comprehensive Income (after tax)	4,727.90	2,371.06	12,452.01
6	Paid up Equity Share Capital (Face Value Rs 10/-)	3,190.66	3,190.66	3,190.66
7	Earning Per Share (of Rs 10/- each) [Basic and diluted]	15.30	5.52	39.43

Notes : (1) The above is an extract of the detailed format of result for quarter and nine months ended on 31st December, 2021 filed with stock exchange under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the said results are available on the website of BSE at **www.bseindia.com** and NSE at **www.nseindia.com** as well as on the Company's website at **www.shareindia.com**

(2) The key information of Standalone Financial Results for quarter and nine months ended on 31st December, 2021 are as follows :

Amount in lacs

Sr. No.	Particulars	Quarter Ended 31.12.2021	Quarter Ended 31.12.2020	Nine Months Ended 31.12.2021
1	Turnover	16,104.35	8,926.57	44,099.87
2	Profit before tax	4,847.78	1,868.05	12,753.65
3	Profit after tax	3,765.46	1,517.37	9,990.81

(3) The standalone and consolidated figures for revenue from operations for FY21 and Q4 FY21 has been adjusted for STT directly as this is a direct expense. Consequently, Q3 FY21 figures for revenue from operation and expenses items have also been updated to arrive at the comparable figures. STT subtracted from Revenue from operation and Expenses items in Consolidated & Standalone results for Q3 FY21 and Nine Months FY21 are INR 2,125.66 Lacs and INR 6,209.98 Lacs, respectively.

(4) Share India Securities Limited including its subsidiary companies M/s Share India Fincap Private Limited (NBFC) and M/s Total Commodity India Private Limited are engaged in the business of trading securities and investments wherein interest income and dividend income are a part of operational income. Thus, consolidated & standalone figures for revenue from operations for FY21 and Q4FY21 have been adjusted for the same. Consequently, Q3FY21 and Nine Months FY21 figures for revenue from operation and other income items have also been updated to arrive at the comparable figures. Interest & dividend incomes added to revenue from operations by shifting the same from other incomes item in respect of consolidated results for Q3FY21 are INR 814.11 Lacs and for Nine Months FY21 are INR 1,518.2 Lacs, while the same figures in respect of standalone results for Q3FY21 are 806.45 Lacs and for Nine Months FY21 are INR 1,509.27 Lacs.

By order of the Board
For Share India Securities Limited
Sd/-
Sachin Gupta
CEO & Whole Time Director
DIN : 00006070

Place : Noida
Date : 21.01.2022

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar — experience bathing
DR. FIXIT
Birla White — THE WHITEST WHITE CEMENT
ET TMT BARS — Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

પરંપરા ફાર્મ એન્ડ પાર્ટી પ્લોટ

ક-૭ સર્કલથી રાંધેજા ચોકડી પહેલા, ટાટા મોટર્સની સામે, ગાંધીનગર

પાર્ટી પ્લોટ, રૂમો, ડેકોરેશન સાથે ૩૦૦૦ વ્યક્તિનાં ફંક્શનની ઈવેન્ટ માટે

સંપર્ક : શ્રી રાવલ મંડપ ડેકોરેશન કેટરર્સ

Mo. 7359800880, 9824267535, 9427487999

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2015 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com